**તાપમાન**
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૩ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૬૩ | ૨૩ ઓગસ્ટ, ૨૦૧૬, મંગળવાર ; શ્રાવણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ચંદ્રક વિજેતા પીવી સિંધુનું હૈદરાબાદમાં ભવ્ય સ્વાગત



**ભારત પહોંચતા વિમાની મથકે ઝલક માટે ભીડ ઉમટી : પીવી સિંધુએ સિલ્વર મેડલ દર્શાવી લોકોનો આભાર માન્યો : આંધ્ર, તેલંગાણાના મંત્રીઓ પહોંચ્યા**

હૈદરાબાદ, તા. ૨૨

ભારતીય બેડમિન્ટન સ્ટાર ખેલાડી પીવી સિંધુએ રિયો ઓલિમ્પિકમાં શાનદાર દેખાવ કર્યા બાદ પરત ફરતા તેનુ ભવ્ય સ્વાગત હૈદરાબાદમાં કરવામાંઆવ્યુ હતુ. સિલ્વર મેડલ જીતીને પરત ફર્યા બાદ હૈદરાબાદ વિમાનીમથકે મોટી સંખ્યામાં લોકો તેના સ્વાગત માટે પહોંચી ગયા હતા. સવારથી જ લોકો તેની રાહ જોઇ રહ્યા હતા. સિંધુના સ્વાગત માટે તેના પિતા પીવી રમન્ના અને માતા વિજયા પણ પહોંચી હતી. સાથે સાથે આ ગાળા દરમિયાન તેંલગણાના નાયબ મુખ્યપ્રધાન મોહમ્મદ મહેમુદ અલી અને તેલંગાણા તેમજ આંધ્રપ્રદેશના કેટલાક પ્રધાનો પણ હાજર રહ્યા હતા. વિમાનીમથકે સિંધુની એક ઝલક મેળવી લેવા માટે ચાહકોની જોરદાર પડાપડીથઇ હતી. લોકો ઉજવણી કરતા નજરે પડ્યાહતા. ત્યારબાદ સિંદુએ મેડલ દર્શાવીને ચાહકોનો આભાર માન્યો હતો. પીવી સિંધુ માટે બેસ્ટ દ્વારા ખુલી છતની ડબલ ડેકર બસ આપવામાં આવી છે. ત્યારબાદ ડબલ ડેકર બસમાં સિંધુ વિજય જુલુસમાં સામેલ થઇ હતી. તેની સાથે ગોપીચંદ પણ રહ્યાહતા. બીજી બાજુ તેલંગાણા સરકાર દ્વારા સિંધુના સન્માનમાં જોરદાર કાર્યક્રમનુ આયોજન કર્યુ છે. તેલંગાણા સરકાર પહેલાથી જ સિંધુને પાંચ કરોડ રૂપિયાના રોકડ ઈનામની જાહેરાત કરી છે. જો ઈચ્છા હોય તો સરકારી નોકરી આપવાની પણ જાહેરાત કરી છે. સાથે સાથે ગોપીચંદ એકેડમીની નજીક જમીન આપવાની પણ જાહેરાત કરી છે. બીજી બાજુ સરકારે સિંધુના કોચ ગોપીચંદને એક કરોડ રૂપિયાના રોકડની જાહેરાત કરી છે. સિંધુએ જોરદાર દેખાવ કરીને હાલમાં તમામને ચોંકાવી દીધા હતા. સિંધુ બેડમિન્ટની ફાઈનલમાં સ્પેનની મારીન સામે હારી ગઇ હતી. જો કે તે સિલ્વર મેડલ જીતી લેવામાં સફળ રહી હતી. દરમિયાન, પીવી સિંધુ ઉપર અભિનંદનનો વરસાદ પણ થઈ રહ્યું છે.

# કાશ્મીરમાં હિંસા નાથવા મંત્રણા જરૂરી

**જમ્મુ-કાશ્મીરમાં રાજકીય પક્ષોની નેતાઓ સાથે વડાપ્રધાનની વિસ્તારપૂર્વક વાતચીતમાં કબૂલાત : પાંચ સપ્તાહથી ચાલતી હિંસાનો અંત લાવવા મુદ્દે વિવિધ રજુઆતો : ભારતના બંધારણની અંદર રહીને વાતચીત થાય તે જરૂરી : મોદી**

નવી દિલ્હી, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જમ્મુ-કાશ્મીરના વિરોધ પક્ષોને



ખાતરી આપતા કહ્યું હતું કે ખીણમાં છેલ્લા કેટલાક સપ્તાહોથી ચાલી રહેલી કટોકટીનો અંત લાવવા માટે મંત્રણા ખૂબ જ જરૂરી છે અને મંત્રણા થવી પણ જોઈએ પરંતુ સમસ્યાનો ઉકેલ ભારતના બંધારણની અંદર રહીને લાવવામાં આવે તે જરૂરી છે. વડાપ્રધાનના નિવેદનથી સંકેત મળે છે કે સરકાર દ્વારા કાશ્મીરના મામલે કેટલીક રાજકીય પહેલ ઉપર કામ ચાલી રહ્યું છે. કાશ્મીર ખીણમાં છેલ્લા પાંચ સપ્તાહથી આંદોલન ચાલી રહ્યું છે. આ આંદોલનમાં હજુ સુધી ૬૮ લોકોના મોત થઈ ચુક્યા છે. સ્વતંત્રતા તરફી દેખાવકારો અને સુરક્ષા દળો વચ્ચે હિંસક અથડામણનો દોર ચાલી રહ્યો છે.

જમ્મુ-કાશ્મીરમાં વિરોધ પક્ષોનું પ્રતિનિધિમંડળ વડાપ્રધાનને

● અનુસંધાન પાન-૭ પર




# મધ્યપ્રદેશ, બિહાર, ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં પુરની સ્થિતિ ગંભીર

**બિહારમાં ભોજપુર, બકસર, મુંગેર, ભાગલપુર, ખાગરીયામાં નવા વિસ્તારો પુરના સકંજામાં : ગંગા-યમુના રૌદ્ર સ્વરૂપમાં રહેતા યુપીમાં હાલત કફોડી**

નવી દિલ્હી,તા. ૨૨

મધ્યપ્રદેશ, બિહાર, ઉત્તરપ્રદેશ, રાજસ્થાનના કેટલાક ભાગો, ઉત્તરાખંડમાં પુરની પરિસ્થિતિ ગંભીર બનેલી છે. તમામ રાજ્યોમાં અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી ચાલી રહી છે. પટણાથી પ્રાપ્ત અહેવાલ મુજબ બિહારમાં જુદી જુદી નદીઓમાંથી પાણી ભોજપુર, બકસર, મુંગેર અને ભાગલપુર જિલ્લામાં કેટલાક નવા વિસ્તારો પુરના સકંજામાં આવી ગયા છે. તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. પુરગ્રસ્ત વિસ્તારો પટણામાં સ્કુલોમાં આશરો લઈ રહ્યા છે. પટણાના નીચાણવાળા વિસ્તારો, નદી કાંઠાના વિસ્તારો, વૈશાલી, સારંગ જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ છે. ઘણી જગ્યાએ રેલવે ટ્રેક ઉપર પુરના પાણી ફરી વળવાના કારણે છપરા અને બલીયા વચ્ચે ટ્રેન સેવા રોકી દેવામાં આવી છે. સોન અને પુનકુન નદીમાં પાણીની સપાટી

● અનુસંધાન પાન-૭ પર

# મહિસાગર નદીમાં ઘોડાપૂર

**અતિ ભારે વરસાદની ચેતવણી : કડાણા ડેમથી પાણી છોડાતા મુશ્કેલી : વડોદરા નજીકના અનેક ગામડા જળબંબાકાર થયા**

અમદાવાદ ,તા. ૨૨

પૂર્વીય રાજસ્થાન અને ઝારખંડ પર સર્જાયેલા લો પ્રેશર વિસ્તારના પરિણામ સ્વરૂપે ગુજરાતમાં ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવ્યા બાદ એકબાજુ તંત્ર સંપૂર્ણપણે સાબદુ થઈ ગયું છે. આગામી બે ત્રણ દિવસ દરમ્યાન ભારેથી અતિ ભારે વરસાદ થઈ શકે છે. ઉત્તર ગુજરાતમાં દિવસ દરમ્યાન પાંચ ઈંચથી પણ વધારે વરસાદ થવાની શક્યતા દેખાઈ રહી છે. વરસાદની ચેતવણીના લીધે એલર્ટની જાહેરાત કરી દેવામાં આવી છે. બીજી બાજુ ઉપરવાસમાં ભારે વરસાદ બાદ




પુષ્કળ પ્રમાણમાં પાણી છોડવામાં આવતા હાલત કફોડી બની ગઈ છે. વડોદરાથી પ્રાપ્ત અહેવાલ મુજબ રાજસ્થાનમાં ભારે વરસાદના પગલે કંડાણા ડેમમાંથી પાણી છોડવામાં આવતા મહિસાગર નદી ગાંડીતૂર બની છે અને તેમાં ઘોડાપૂરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. કંડાણા ડેમમાંથી પાણી છોડવામાં આવતા મહી નદી રૌદ્ર સ્વરૂપમાં છે. જેના લીધે ૩૨ ગામોને એલર્ટ કરવામાં આવ્યા છે. બીજી બાજુ પવિત્ર શ્રાવણ માસમાં હળવા વિરામ બાદ રાજ્યના વિવિધ વિસ્તારોમાં ઝરમરથી ત્રણ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. કંડાણા ડેમની જળસપાટી વધતા મોટી માત્રામાં પાણી છોડવામાં આવતા

● અનુસંધાન પાન-૭ પર

સમાજ... જય માતાજી... સંગઠન...

રાજપૂત સમાજના મોભી **ડૉ. શંકરસિંહ રાણા**ને
રાજપૂત સમાજનું સુકાન સંભાળવા બદલ અંતઃકરણપૂર્વક આવકાર અને અભિનંદન પાઠવીએ છીએ.



ડો. શંકરસિંહ આર. રાણા
એમ.એ., એમ.ફીલ, પીએચ.ડી.




**મધુર પરિવારના ડો. શંકરસિંહ આર. રાણાને શુભેચ્છા...**

ગુજરાત રાજય ગાંધીનગરના પાટનગર એવા ગાંધીનગરની સહકારી સંસ્થા એવી મધુર ડેરીના ચેરમેન પદે આપશ્રી સતત પાંચમી ટર્મ માટે ચૂંટાયા છો. આપ ગામડાનું શિક્ષણ મેળવી, શહેરમાં અભ્યાસ કરી, કોલેજના પ્રોફેસર પદે પહોચ્યાં એટલું જ નહિ, કોલેજમાં સિરમોર એવા સંસ્થાના આચાર્ય પદે આપ કામગીરી કરો છો ત્યારે, સમાજની ભાવનાઓને સ્વીકારી, સમાજના વિકાસ માટેનો ભેખ, આપે ધારણ ક્ર્યો. સમાજે આપના કામની કદર કરી, ગાંધીનગર રાજપૂત સમાજના બીનહરીફ પ્રમુખ બન્યાં તે બદલ આપશ્રીને અમારી લાગણીઓ અને અભિનંદન મોકલીએ છીએ.

**: મધુર પરિવાર અને સહકારી દૂધ મંડળીઓ :**

શ્રીમાન સોમાજી શકરાજી બારૈયા - નાના ચિલોડા દૂધ મંડળી
શ્રીમાન વિનુભાઈ કેશાભાઈ ચૌધરી - મહાદેવપુરા દૂધ મંડળી
શ્રીમાન ગિરીશભાઈ નારણભાઈ પટેલ - ઉનાવા દૂધ મંડળી
શ્રીમાન હર્ષદભાઈ નટવરલાલ બારોટ - કાકાનું તારાપુરા દૂધ મંડળી
શ્રીમાન રમેશભાઈ મફતલાલ પટેલ - દંતાલી દૂધ મંડળી
શ્રીમાન કનુસિંહ રામસિંહ રાણા - તાજપુર દૂધ મંડળી
શ્રીમતી ધીરજબેન શંભુજી સોલંકી - અંબિકાનગર (મ) દૂધ મંડળી
શ્રીમતી રમીલાબેન શકરાભાઈ પટેલ - કુડાસણ (મ) દૂધ મંડળી
શ્રીમતી બાલુબેન ફુલસિંહ રાણા - વલાદ (મ) દૂધ મંડળી
શ્રીમતી રંજનબેન મુકેશભાઈ ઝાલા - રામનગર (યા.) (મ) દૂધ મંડળી
શ્રીમતી હંસાબેન વિનાદજી ઠાકોર - નવાપુરા (મ) દૂધ મંડળી
શ્રીમાન રોહિતભાઈ મહેતા - મેનેજીંગ ડિરેક્ટર, મધુર ડેરી
શ્રીમાન જે. એ. પટેલ - જનરલ મેનેજર, એકાઉન્ટ, મધુર ડેરી
શ્રીમાન નરેન્દ્રસિંહ રાઠોડ - જનરલ મેનેજર, માર્કેટીંગ, મધુર ડેરી
શ્રીમાન મયુરભાઈ જે. પરીખ - જનરલ મેનેજર, એન્જી., મધુર ડેરી
શ્રીમાન દિલીપસિંહ એન. ઝાલા - મધુર ડેરી
શ્રીમાન નિરંજનભાઈ એન. બારોટ, મેનેજર, માર્કેટીંગ, મધુર ડેરી
શ્રીમાન ખુમાનસિંહ કુંપાવત - મેનેજર, પ્રોડક્શન, મધુર ડેરી
શ્રીમાન આર. જે. લાલકીયા - મેનેજર, વેટરનરી, મધુર ડેરી
શ્રીમાન જે. એસ. વઘાસિયા - આસી. મેનેજર, વહીવટ, મધુર ડેરી
શ્રીમાન પ્રતિકસિંહ ચાવડા - મધુર ડેરી
શ્રીમાન ભરતસિંહ ભાટી - મધુર ડેરી
શ્રીમાન મહાવીરસિંહ રાણા - મધુર ડેરી
શ્રીમાન ગોવિંદસિંહ રાણા - મધુર ડેરી
શ્રીમાન પ્રવિણસિંહ રાણા - મધુર ડેરી
શ્રીમાન ભૂપતસિંહ બિહોલા - મધુર ડેરી
શ્રીમાન ગજેન્દ્રસિંહ ચાવડા - મધુર ડેરી
શ્રીમાન હરીસિંહ રાઠોડ - મધુર ડેરી
શ્રીમાન રણજીતસિંહ બિહોલા - મધુર ડેરી
શ્રીમાન કનકસિંહ બિહોલા - મધુર ડેરી
શ્રીમાન હિંમતસિંહ બિહોલા - મધુર ડેરી
શ્રીમાન અનિલસિંહ ચાવડા - મધુર ડેરી
શ્રીમાન મહેન્દ્રસિંહ વાઘેલા - ચેરમેનશ્રી, લેંકાવાડા દૂધ મંડળી

શ્રીમાન વિજયસિંહ રતનસિંહ સોલંકી - ચેરમેનશ્રી, મહુન્દ્રા દૂધ મંડળી
શ્રીમાન જુજારસિંહ મગનજી બિહોલા - ચેરમેનશ્રી, રતનપુર દૂધ મંડળી
શ્રીમાન ઝીલુસિંહ ફુલાજી વાઘેલા - ચેરમેનશ્રી, બાસન દૂધ મંડળી
શ્રીમાન મહીપતસિંહ બાબુજી બિહોલા - ચેરમેનશ્રી, મગોડી દૂધ મંડળી
શ્રીમતી ધીરજબેન શંભુજી સોલંકી -ચેરમેનશ્રી, અંબિકાનગર દૂધ મંડળી
શ્રીમતી બીનાકુંવરબા શંકરસિંહ રાણા -ચેરમેનશ્રી, વાંકાનેરડા દૂધ મંડળી
શ્રીમાન સતુજી લક્ષ્મણજી ગોર - ચેરમેનશ્રી, ફુલપુરા દૂધ મંડળી
શ્રીમતી બાલુબેન ફુલસિંહ રાણા - ચેરમેનશ્રી, વલાદ દૂધ મંડળી
શ્રીમાન મનુસિંહ બાલુસિંહ રાઠોડ - ચેરમેનશ્રી, ચેખલારાણી દૂધ મંડળી
શ્રીમાન રઘુસિંહ કાળુસિંહ બિહોલા - ચેરમેનશ્રી, પાલજ દૂધ મંડળી
શ્રીમાન મનુજી હેમતુજી ગોહિલ - ચેરમેનશ્રી, રાંદેસણ દૂધ મંડળી
શ્રીમાન કૃષ્ણસિંહ ભગવતસિંહ વાઘેલા -ચેરમેનશ્રી, પીંપળજ દૂધ મંડળી
શ્રીમાન મહીપતસિંહ જગતસિંહ વાઘેલા-ચેરમેનશ્રી, સુરેલાનગર દૂધ મંડળી
શ્રીમતી શોભનાબેન કિરીટસિંહ વાઘેલા- ચેરમેનશ્રી, આદીવાડા દૂધ મંડળી
શ્રીમાન રણવતસિંહ નાથુસિંહ વાઘેલા - ચેરમેનશ્રી, પીંડારડા દૂધ મંડળી
શ્રીમાન મફાજી પુંજાજી વાઘેલા - ચેરમેનશ્રી, વાસન દૂધ મંડળી
શ્રીમાન ભરતજી ભીખુજી ચાવડા - ચેરમેનશ્રી, રૂપાલ દૂધ મંડળી
શ્રીમતી કૈલાસબેન જગદીશસિંહ વાઘેલા - ચેરમેનશ્રી, જયચામુંડાપુરા (મ) દૂધ મંડળી
શ્રીમાન બાબુજી મોહનજી વાઘેલા - ચેરમેનશ્રી, કોલવડા દૂધ મંડળી
શ્રીમાન જગતસિંહ પૃથ્વીસિંહ વાઘેલા - ચેરમેનશ્રી, સરગાસણ દૂધ મંડળી
શ્રીમતી હર્ષાબેન જીતેન્દ્રસિંહ ગોહિલ - ચેરમેનશ્રી, ઈન્દ્રોડા(મ) દૂધ મંડળી
શ્રીમતી ગાયત્રીબા રાઠોડ - ચેરમેનશ્રી, માધવગઢ (મ) દૂધ મંડળી
શ્રીમાન રતનસિંહ સોલંકી - મહુન્દ્રા



gandhinagarpublicity@9427607137

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
કપલ / ફેમીલી ટુર
આંદામાન
હેવલોક - નીલ - બારાટાંગ
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | દાર્જીલીંગ ગંગટોક-પેલીંગ | કાશ્મીર પહેલગામ-ગુલમર્ગ | સિમલા મનાલી-ડેલ-અમૃત
ભુતાન પારો-થિમ્પુ-પુનાખા | કુર્ગ-કબિની વાયનાડ-હસન | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી | સ્વતંત્ર પેકેજ હોટલ એર બુકીંગ
નૂતન ટ્રાવેલ્સ Since 1951 26562324/22 9427455274 9408643756
કરીશ્મા, સ્ટેડીયમસર્કલ, સી.જી. રોડ, અમદાવાદ

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
A-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651

Convert Your Mobile to ATM
Golden Opportunity for all Android User's
Earn 5000 to 20,000 monthly
Start your business only - 1400 Rs.
Be your Own BOSS
Mo. 9638638427
Mo. 9723187712

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧